## ચૂંટણી ચોતરેથી

● સુરતમાં હાર્દિકની જનક્રાંતિ રેલીમાં માનવ મહેરામણ છલકાયો. પાટીદારો મોટી સંખ્યામાં ઉમટ્યા.

● સુરત ઉત્તરના ભાજપના ઉમેદવાર કાંતિ બલ્લરના કાર્યાલયની બહાર ભારે તોડફોડ.

● પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની જંબુસર ખાતેથી રેલીમાં ૨૦થી ૨૫ ટકા ખુરશીઓ ખાલી રહેતા મીડિયામાં વ્યાપક ચર્ચા.

● સુરેન્દ્રનગરમાં ભાજપની રેલીમાં મોદીએ અમેઠીના ચૂંટણી પરિણામોનો ઉલ્લેખ કરતા કહ્યુ હતુ કે અમેઠીમાં પ્રજાએ કોંગ્રેસને સાફ કરી છે મને આજ સહયોગ જોઈએ.

● એનસીપીનો ચૂંટણી સંકલ્પ પત્ર વિમોચનનો કાર્યક્રમ હાલ મુલ્તવી રખાયો છે.

● રાજકોટમાં પ્રધાનમંત્રીની ચૂંટણીની રેલી સામે કોંગ્રેસની સમાંતર રેલીમાં જંગી મેદની ઉમટી.

● રાજકોટ ખાતે શનિવારની રાત્રે કોંગ્રેસના ઉમેદવાર ઈન્દ્રનીલ રાજ્યગુરૂના ભાઈ પર થયેલા હૂમલાને પગલે કોંગ્રેસના ઉગ્ર દેખાવો.

● રાજકીય પક્ષોએ ખર્ચની મર્યાદા વધારવા રજૂઆત કરી.

# મોદી વડાપ્રધાન બન્યા બાદ ૧૭ રાજ્યમાં ચૂંટણી યોજાઈ

### મોદીએ ૧૭૦થી વધુ રેલીઓ કરી છે : ગુજરાતની રેલીઓને જોડી દેવામાં આવે તો રેલીઓની બેવડી થશે : ૧૭ રાજ્યો પૈકી ૯માં ભાજપની જીત થઇ

અમદાવાદ,તા. ૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતમાં પણ આક્રમક ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. ગુજરાતમાં ૧૮૨ વિધાનસભા સીટો માટે નવ અને ૧૪મી ડિસેમ્બરના દિવસે બે તબક્કામાં મતદાન યોજાનાર છે જ્યારે મતગણતરી ૧૮મી ડિસેમ્બરના દિવસે થશે. પ્રથમ તબક્કામાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતની ૮૯ સીટ પર મતદાન થશે.

અત્રે નોંધનીય છે કે, ગુજરાતમાં આચારસંહિતા અમલી બન્યા બાદથી અનેક રેલી કરી ચુક્યા છે. આચારસંહિતા અમલી બને તે પહેલા મોદીએ ગુજરાતમાં ૧૬ કાર્યક્રમ કર્યા હતા. મોદી વડાપ્રધાન બન્યા બાદ હજુ સુધી ૧૭ રાજ્યોમાં ૧૭ રાજ્યોમાં ચૂંટણી થઈ છે જે પૈકી મોદી ૧૭૦થી વધુ રેલી કરી ચુક્યા છે.



આ રેલીઓમાં ગુજરાતની તમામ રેલીઓને જોડી દેવામાં આવે તો મોદી ચૂંટણી રેલીને લઈને પણ બેવડી સદી ફટકારવા જઈ રહ્યા છે. મોદીએ સૌથી વધારે બિહારમાં ૩૧ રેલીઓ કરી હતી. ત્યારબાદ મહારાષ્ટ્ર અને ઉત્તરપ્રદેશમાં ૨૭ અને ૨૪ રેલી કરી છે. આસામમાં ૧૫, ઝારખંડમાં ૧૪, હરિયાણામાં ૧૧, પશ્ચિમ બંગાળમાં ૧૦થી વધુ રેલી કરી ચુક્યા છે. મોદીએ હજુ સુધી જે ૧૭ રાજ્યોમાં ચૂંટણી રેલીઓ યોજી છે તે પૈકી નવ રાજ્યોમાં ભાજપને શાનદાર જીત મળી ચુકી છે. ગુજરાતમાં ઝંઝાવતી ચૂંટણી પ્રચાર જારી રાખ્યો છે. ગુજરાતમાં પણ અનેક રેલીઓ કરી ચુક્યા છે. આચારસંહિતા અમલી બન્યા બાદ પણ ૧૦થી વધુ રેલી કરી ચુક્યા છે. ૨૭ અને ૨૮મી નવેમ્બરના દિવસે આઠ રેલી યોજી હતી અને હવે બીજી આઠ રેલી કરી રહ્યા છે. હજુ ઘણી રેલી કરે તેવી પણ શક્યતાઓ છે.

### કોંગ્રેસને ગ્રામ્યમાંથી ઓછા અંતરથી જીત મળી હતી

# ઓછા અંતરથી જીતનું ચિત્ર

ભાજપ અને કોંગ્રેસ પાર્ટી વિધાનસભાની ચૂંટણીને લઈને ગણતરીમાં વ્યસ્ત છે ત્યારે ૨૦૧૨ વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ અને ભાજપ પાર્ટીને કેટલી બેઠકો પર ઓછા અંતરથી જીત મળી હતી. કોંગ્રેસ પાર્ટીને ગ્રામિણ વિસ્તારોમાંથી ઓછા અંતરથી જીત મળી હતી જ્યારે ભાજપને ગ્રામિણ, શહેરી અને અર્ધશહેરી વિસ્તારો મળીને ઓછા અંતરથી જીત મળી હતી. કોંગ્રેસ અને ભાજપને ઓછા અંતરથી ક્યાં ક્યાં જીત મળી તે નીચે મુજબ છે.

#### કોંગ્રેસની ઓછા અંતરથી જીત

| | |
|---|---|
| સોજીત્રા વિધાનસભા બેઠક પર | ૧૬૨ મતે જીત |
| કાલોલ વિધાનસભા બેઠક પર | ૩૪૩ મતે જીત |
| કાંકરેજ વિધાનસભા બેઠક પર | ૬૦૦ મતે જીત |
| કડી એસટી વિધાનસભા બેઠક પર | ૧૨૧૭ મતે જીત |
| સંખેડા એસટી વિધાનસભા બેઠક પર | ૧૪૫૨ મતે જીત |
| તળાળા વિધાનસભા બેઠક પર | ૧૪૭૮ મતે જીત |
| લીંમડી વિધાનસભા બેઠક પર | ૧૫૬૧ મતે જીત |
| સોમનાથ વિધાનસભા બેઠક પર | ૨૦૯૬ મતે જીત |
| દહેગામ વિધાનસભા બેઠક પર | ૨૨૯૭ મતે જીત |
| છોટાઉદેપુર એસટી વિધાનસભા બેઠક પર | ૨૩૦૫ મતે જીત |

#### ભાજપની ઓછા અંતરથી જીત

| | |
|---|---|
| આણંદ વિધાનસભા બેઠક પર | ૯૮૭ મતે જીત |
| સાવરકુંજલા વિધાનસભા બેઠક પર | ૨૩૮૪ મતે જીત |
| ડેડિયાપાડા એસટી વિધાનસભા બેઠક પર | ૨૫૫૫ મતે જીત |
| બાપુનગર વિધાનસભા બેઠક પર | ૨૬૦૩ મતે જીત |
| મોરબી વિધાનસભા બેઠક પર | ૨૭૬૦ મતે જીત |
| જામનગર દક્ષિણ વિધાનસભા બેઠક પર | ૨૮૬૨ મતે જીત |
| થરાદ વિધાનસભા બેઠક પર | ૩૪૭૬ મતે જીત |
| કરજણ વિધાનસભા બેઠક પર | ૩૪૮૯ મતે જીત |
| રાધનપુર વિધાનસભા બેઠક પર | ૩૮૮૪ મતે જીત |
| ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠક પર | ૪૨૨૫ મતે જીત |

## કોંગ્રેસ પહેલાં ૬૦ વર્ષનો હિસાબ આપે,પછી અમારી પાસે માંગે : આનંદીબેન

પૂર્વમુખ્યમંત્રી આનંદીબેન પટેલે સુરતના અડાજણ ખાતે આવેલા મ્હૅંજી મંદિરમાં મહિલા સંમેલન ખાતે દીપ પ્રજ્વલિત કરી મહિલા સંમેલન સંબોધતા કહ્યું કે, પ્રમુખ સ્વામીનો ૫૭મો જન્મ દિવસ આપ ઉજવી રહ્યા છો. જેના ભાગ રૂપે આજે ઉજવણી થઈ છે. અને દીકરીઓ પણ ખુબજ સરસ નૃત્ય કર્યું છે. વધુમાં જણાવ્યું હતુંકે, કોંગ્સ ૨૨ વર્ષનો હિસાબ માંગે છે તો કોંગ્રેસે ૬૦ વર્ષ રાજ કર્યું તેનો હિસાબ મે માંગ્યો.

પૂર્વમુખ્યમંત્રી આનંદીબેન પટેલે સુરતના અડાજણ ખાતે આવેલા મ્હૅંજી મંદિરમાં મહિલા સંમેલનમાં હાજરી આપી હતી. આનંદીબેન પટેલે કહ્યું હતુંકે, કોંગ્સ ૨૨ વર્ષનો હિસાબ માંગે છે તો કોંગ્રેસે ૬૦ વર્ષ રાજ કર્યું તેનો હિસાબ મે માંગ્યો. નરેન્દ્રભાઈના કામો એવા છે જેના કારણે કોઈ ભાઈએ મંદિરોમાં માથું નમાવવાની જરૂર પડી. એટલે આપણે વિચાર કરવું જોઈએ.

# કોંગ્રેસ જાતિવાદનું ઝેર ઓકી ગુજરાતની એકતાને તોડવા માંગે છે : અમિત શાહ

માંડવી,તા.૩

ભાજપ પ્રમુખ અમિત શાહ હાલમાં ઈલેક્શનનાં પ્રચાર પ્રસાર અર્થે ગુજરાતમાં છે. હાલમાં તેઓ કચ્છનાં માંડવીમાં છે અને અહીં તેમણે સભા સંબોધી હતી. જ્યાં તેમણે કોંગ્રેસ પર કટાક્ષ કર્યા હતાં. જેમાં તેમણે કહ્યું કે, કોંગ્રેસ જાતિવાદનું ઝેર ઓકી ગુજરાતને તોડવામાંગે છે. તેમજ તેમણે સોનિયા ગાંધી અને મનમોહન સિંઘ પર પણ આક્ષેપ કરતાં કહ્યું કે તેમણે આદિવાસીઓ માટે કંઈજ કર્યુ નથી.

શાહે જાહેરસભાને સંબોધિત કરતાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ જાતિવાદ ઝેર ઓકી ગુજરાતને તોડવા માંગે છે, યુપીમાં કોંગ્રેસના સુપડા સાફ કરી દીધા છે, કોઈક લખીને આપે અને રાહુલ બાબા સવાલ વાંચી જાય છે.

સોનિયા મન મોહનની સરકારે આદિવાસી માટે શું કર્યું,ભાજપ આદિવાસી માટે અનેક કામો કર્યા,કોંગ્રેસના



શાસનમાં આદિવાસીઓને જમીન હક્કો મળ્યા નથી.

૨૦૦૪થી આદિવાસી કલ્યાણ માટે ૬૭ હજાર કરોડ રૂપિયાની યોજના અમલમાં મૂકી,સવા બે લાખ આદિવાસી બાળકો માટે ભાજપ સરકારે અજવાળુ કર્યું છે,આદિવાસી વિસ્તારમાં શાળાનું પરિણામ નોહતું આવતું ત્યાં હવે શિક્ષણ નું સ્તર સુધર્યું છે.

પાંચ આદિવાસી વિસ્તારની કોલેજો માટે ૨૦૦ કરોડ રૂપિયા આપ્યા છે. રાહુલ બાબા ભાજપ પાસે હિસાબ માંગે છે. અમારે રાહુલ બાબાને હિસાબ આપવાનો નથી. અમે આદિવાસી મતદારોને હિસાબ આપી દીધો છે.

### પાટણ જિલ્લામાં ચાર સીટો પર સીધી સ્પર્ધા

# પાટણમાં ભાજપની પ્રતિષ્ઠા દાવ પર

### સિદ્ધપુર, પાટણ, ચાણસ્મા, રાધનપુર બેઠક ઉપર ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધી સ્પર્ધા : તમામ સમુદાયના મતદાર

અમદાવાદ,તા. ૩

પાટણમાં ભાજપની પ્રતિષ્ઠા દાવ પર લાગેલી છે. વનરાજ ચાવડા દ્વારા ૮મી સદીમાં પાટણને શોધી કાઢવામાં આવ્યા બાદ તેની લોકપ્રિયતા સતત વધતી ગઈ છે. પહેલા તેનું નામ અનહિલપુર હતી ત્યારબાદ ગુજરાતના પાટનગર તરીકે તે રહ્યું હતું. અમદાવાદની સ્થાપના અહેમદશાહ દ્વારા કરવામાં આવી ત્યાં સુધી પાટણને વધારે મહત્વ અપાયું હતું. પાટણ પર ચાવડા, સોલંકી, વાઘેલા શાસકો શાસન કરી ચુક્યા છે. અહીં અનેક ઐતિહાસિક સ્થળો આવેલા છે. પાટણ જિલ્લામાં ચાર સીટો આવેલી જેમાં સિદ્ધપુર, પાટણ, ચાણસ્મા અને રાધનપુરનો સમાવેશ થાય છે. સિદ્ધપુર સીટ કોંગ્રેસ પાસે રહી છે પરંતુ બળવંતસિંહ પક્ષાન્તર કરીને ભાજપમાં આવી ગયા બાદ હવે તેને ભાજપના ગઢ તરીકે પણ કેટલાક લોકો ગણી રહ્યા છે. પાટણમાં ૧૯૧૦૦૦ મતદારો છે જે પૈકી ૬૦૦૦૦ ઠાકોર, ૪૫૦૦૦ પાટીદારો, ૩૫૦૦૦ દલિતો, ૧૫૦૦૦ મુસ્લિમો અને અન્ય નાની




જાતિઓ રહેલી છે. વર્ષ ૨૦૧૨માં ભાજપના રણછોડ દેસાઈએ કોંગ્રેસના ઉમેદવાર ગભાજી ઠાકોરને ૫૮૭૧ મતે હાર આપી હતી. પાટણના ઈતિહાસ ઉપર નજર કરવામાં આવે તો અહીં આ વખતે કોણ બાજી મારશે તેને લઈને જટિલ સ્થિતિ છે. સિદ્ધપુરને પણ ઐતિહાસિક વિસ્તાર તરીકે ગણવામાં આવે છે. સિદ્ધપુરમાં ૨૩૮૧૮૨ મતદારો છે. અહીં સૌથી મોટા ગ્રુપ તરીકે જુદા જુદા સમુદાય રહેલા છે. મુસ્લિમ મતદારોની સંખ્યા ૫૫૦૦૦ની છે. ઠાકોર મતદારોની સંખ્યા ૬૦૦૦૦ની છે. પાટીદારોન સંખ્યા ૨૫૦૦૦ છે. આવી જ રીતે દલિત મતદારોની સંખ્યા ૨૮૦૦૦ જેટલી છે. ૨૦૧૨માં અહીં કોંગ્રેસની જીત થઇ હતી. આવી જ રીતે રાધનપુર અને ચાણસ્માની બેઠક ઉપર રોમાંચક ઈતિહાસ છે. ચાણસ્મામાં મતદારોની સંખ્યા ૨૫૯૩૨૬ છે જે પૈકી ૬૫૦૦૦ ઠાકોર છે. ૪૪૦૦૦ પાટીદારો છે. ૧૨૦૦૦ મુસ્લિમો છે. ૧૨૦૦૦ દરબારો છે અને ૧૭૦૦૦ દલિતો છે. ભાજપના ઉમેદવાર દિલીપ ઠાકોરે અહીં ૨૦૧૨માં જીત મેળવી હત. ભાજપે ૨૦૦૭ અને ૨૦૧૨માં પણ આ જીત જીતી હતી. કોંગ્રેસે ૨૦૦૨ અને ૧૯૮૫માં અહીં જીત મેળવી હતી. રસપ્રદ બાબત એ છે કે અહીં પરિણામો રોમાંચક રહ્યા છે. આ વખતે રાધનપુરમાં સ્પર્ધા વધારે તીવ્ર છે. કારણ કે, કોંગ્રેસની ટિકિટ પર ઓબીસી ઉમેદવાર અલ્પેશ ઠાકોર મેદાનમાં છે. અલ્પેશ ઠાકોર સામે લવિંગજી ઠાકોર મેદાનમાં છે. લવિંગજી ઠાકોર શંકરસિંહ વાઘેલાના વિશ્વાસપાત્ર રહી ચુક્યા છે. તેઓએ વાઘેલા માટે આ સીટ એક વખતે ખાલી પણ કરી હતી.

# કાચીંડાની સ્પર્ધામાં રંગપલટતા ગુજરાતી રાજકારણીઓ




ગુજરાત વિધાનસભાની બે તબક્કામાં યોજાનારી ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવવાનો છેલ્લો દિવસ બેઉ મુખ્ય પક્ષ - ભારતીય જનતા પક્ષ અને કોંગ્રેસ માટે નાતરાં કરવાનો દિવસ રહ્યો. સોમવાર, ૨૭ નવેમ્બરનો આ દિવસ બેઉ મુખ્ય પક્ષના ટિકિટઈચ્છુકોની અપેક્ષાપૂર્તિ ના થતાં છેલ્લે પાટલે બેસીને પોતાના પક્ષની રીતસર ભાંડણલીલા કરનારો રહ્યો. ટિકિટ મેળવવા માટે કોંગ્રેસી નેતાઓએ રાતોરાત ભગવા ખેસ પહેરીને ભાજપનાં ગુણગાન કરવા કે પછી ભાજપ છોડીને કોંગ્રેસી વાઘા ચડાવીને ભગવી પાર્ટીને ભાંડવાનાં દશ્યો ઠેર ઠેર જોવા મળ્યાં. કાચીંડો પણ જેટલી ઝડપે રંગ ના બદલી શકે એટલી ઝડપે રાજકીય પક્ષોના નેતાઓ પક્ષ બદલવા, માતૃસંસ્થાને ભાંડવા અને સામી છાવણીમાં જઈને ખબર પાડી દેવાના સંકલ્પ કરતા દેખાયા. લોકશાહી મૂલ્યો, વિચાર કે આદર્શની ભૂમિકા સાવ જ અલોપ થઈ જતી લાગે.ક્યારેક વિન્સ્ટન ચર્ચિલે ભારતીયોના હાથમાં શાસનની ધુરા સોંપવાથી કેવા સંજોગો સર્જાશે એ વિશે કરેલી ભવિષ્યવાણી અને ભૂંડા શબ્દો હવે ગુજરાતની આ ચૂંટણીમાં જાણે કે સાચા પડતા હોય એવું લાગે છે. ભાજપમાંથી કોંગ્રેસમાં જઈ વિવિધ હોદ્દે રહેલા શંકરસિંહ વાઘેલાએ કોંગ્રેસને પણ છેલ્લી ઘડીએ દગો દીધા પછી જનવિકલ્પ મોરચો રચ્યો હતો, પણ એમના ધારાસભ્ય રહેલા પુત્ર મહેન્દ્રસિંહ પણ પાછા ભાજપમાં ગયા છે. બળવાખોર બાપુ અને મહેન્દ્રસિંહ અત્યારે તો રાજ્યની રાજકીય ચર્ચામાં ભૂલી ગયા છે.એમની વિવશતા પ્રજા સમજી શકે છે.

● કોંગ્રેસના કથિત ગુજરાતદ્વેષના ઈતિહાસને તાજો કરીને ભાજપ વાતાવરણને ચાર્જ કરી રહ્યો છે

સત્તાપ્રાપ્તિનું જ લક્ષ્ય એકમેવ હોય અને બીજું કાંઈ ના હોય એ દષ્ટિએ આગેકૂચ કરવામાં રાજકીય પક્ષો સજ્જ થઈ ચુક્યા છે. ઉમેદવારીપત્રો ભરવાના છેલ્લા દિવસે વડા પ્રધાન નરેન્દ્ર મોદી કચ્છમાં માતાના મઢનાં દર્શન કરીને જાહેર સભા યોજી, કોંગ્રેસના ગુજરાતદ્વેષના ઈતિહાસને તાજો કરીને અન્યત્ર સભાઓ કરીને વાતાવરણને ચાર્જ કરી રહ્યા હતા. ભાજપની વિવશતા એ જોવા મળી કે નાછૂટકે મોટાભાગના તમામ ધારાસભ્યોને ટિકિટ આપવી પડી. કોંગ્રેસે જેમનો સાથ મેળવવા માટે ટિકિટ ફાળવણીમાં ભાગીદારી કરવી પડી એને કારણે એના રાજ્યસ્તરના ટિકિટઈચ્છુકો ટિકિટવંચિત થઈને ભાજપ સાથે નહીં તો શરદ પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસ(એનસીપી)ની ટિકિટો મેળવવા દોડી જતા દેખાયા.ધોળામાં ધૂળ તો ક્યારેક ભાજપી સાંસદ રહેલા અને બાપુ સાથે બળવાખોરી કરીને રાજ્યમાં નાણા પ્રધાન થયેલા બાબુ મેઘજી શાહ નામના અમારા મુંબઈકર મિત્રના વર્તને કર્યું.આ વેળા એમણે ઢળતી સંધ્યાએ કોંગ્રેસની ટિકિટ ના મળતાં પવારની પાર્ટી સાથે નાતરું કર્યું. પક્ષની વિચારધારાઓ કરતાં સત્તાપ્રાપ્તિ અને સ્વના હિતને કેન્દ્રસ્થાને રાખવાનું જ લક્ષ્ય આ વખતે બંને પક્ષમાં જોવા મળ્યું. વડા પ્રધાન મોદી ભાજપના એકમાત્ર તારણહાર તરીકે સ્વીકૃત છે. '૧૫૦ પ્લસ'ના મિશનની ગુજરાતના નેતાઓએ લગભગ ભૂલાવી દીધેલી વાતને વડા પ્રધાન મોદીએ તાજી કરી અને પાટીદાર આંદોલનના સુત્રધારોના કોંગ્રેસ ભણી ઢળવા થકી જે ચિત્ર ઉપસ્યું એમાં કોંગ્રેસને પાટીદાર અને ગુજરાત વિરોધી દર્શાવવાનું પસંદ કર્યું. મોદી સરકારના ૫૦ જેટલા કેન્દ્રીય પ્રધાનો અને વિવિધ રાજ્યના મુખ્ય પ્રધાનો પણ ગુજરાતમાં ફરીને ભાજપી સરકાર આવે એ માટે રાજ્યને ઘમરોળી રહ્યા છે. ભાજપી સાંસદો પણ જીભ લસરી જાય ત્યાં લગી નિવેદનો કરતા રહે છે.માફી માંગી લેવામાં પણ સંકોચ કરતા નથી. વડા પ્રધાને કોંગ્રેસને છેક સરદાર પટેલથી લઈને આજ લગી ગુજરાતદ્વેષી ગણાવવાનું પસંદ કર્યું અને ચાર - ચાર પટેલ મુખ્ય પ્રધાનોને ઉથલાવવાનું કામ કર્યું હોવાની વાત કરી. જોકે, આ વાત પ્રજાને ભાવાવેશમાં લાવવા માટે બરાબર ગણાય. બાકી સમજીવિચારીને એનો ઈતિહાસ નિહાળવા માંગનારાઓને તો 'બાત કુછ હઝમ નહીં હુઈ'.

● ચાર-ચાર પટેલ મુખ્ય પ્રધાનોને ઉથલાવવાનું કામ કોંગ્રેસે કર્યાની 'બાત કુછ હઝમ નહીં હુઈ'

ચાર - ચાર પટેલ મુખ્ય પ્રધાનોમાં એમણે ચીમનભાઈ પટેલ, બાબુભાઈ જશભાઈ પટેલ, કેશુભાઈ પટેલ અને આનંદીબહેન પટેલનાં નામ તો લીધાં પણ વિરોધાભાસો ઘણા હતા. ૧૯૭૩-'૭૪માં ચીમનભાઈ વિરુદ્ધ તો સંઘ-જનસંઘ-ભાજપના પૂર્વ અવતારે આંદોલન કર્યું હતું. ચીમનભાઈ કોંગ્રેસી મુખ્ય પ્રધાન હતા અને એમને ઘેર બેસાડવાનું નવનિર્માણ આંદોલન જનસંઘ તથા સંઘ પરિવાર સહિતનાનું હતું. ૧૯૭૫ની બા. જ. પટેલની જનતા મોરચાની સરકાર જનસંઘના બે ધારાસભ્યો વસનજી ઠકરાર (પોરબંદર) અને પી. સી. પટેલ (શાહપુર)ના પક્ષપલટાથી તૂટી હતી. કેશુભાઈ પટેલની સરકાર સંઘ-જનસંઘ-ભાજપના જ શંકરસિંહ વાઘેલાના બળવાને કારણે તૂટી હતી. ફરી પટેલની સરકાર ૧૯૯૮માં આવી ત્યારે એમને ગાદીએથી દૂર કરીને નરેન્દ્ર મોદી જ મુખ્ય પ્રધાનપદે આરૂઢ થયા હતા. મોદી વડા પ્રધાન થતાં આનંદીબહેન મુખ્ય પ્રધાન બન્યાં તો ખરાં, પણ પાટીદાર આંદોલનને પગલે અને ભ્રષ્ટાચારના આક્ષેપોથી વ્યથિત થઈને ૭૫ વર્ષની વયનું બહાનું આગળ કરીને બહેને રાજીનામું આપ્યું હતું. એમના અનુગામી તરીકે નીતિન પટેલને મુખ્ય પ્રધાન બનાવવાનું નક્કી હતું અને મહેસાણામાં તો નીતિનભાઈના ફટાકડા પણ ફૂટી ગયા પછી ભાજપના મોવડીમંડળે વિજય રૂપાણીને મુખ્ય પ્રધાન જાહેર કરીને પટેલ આકાંક્ષા પર પાણી ફેરવ્યું હતું. જોકે, આ બધી વાતો તર્કથી વિચારનાર માટે બરાબર છે, અન્યથા ચૂંટણીમાં ભાવાવેશનો માહોલ સર્જવા માટે તો વડા પ્રધાન પોતાની રીતે જ ઈતિહાસ કહે એને ભક્તગણ સત્ય માની જ લે.

● ભાજપ આ વખતે ગુજરાત ગુમાવે તો દેશ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હાથમાંથી સરકી જઈ શકે

વીતેલા દિવસોમાં કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ ગુજરાતના ચારેય પ્રદેશોનો જનસંપર્ક-પ્રવાસ કરીને અને ચૂંટણી જાહેર થયા પછી એક વાર પ્રચારપ્રવાસ કરીને જે વાતાવરણ તૈયાર કર્યું હતું એને ટિકિટ વહેંચણીના વિવાદ થકી બગાડવામાં આવ્યાનું સ્પષ્ટ થયા વિના રહેતું નથી. અમે તો શરૂઆતથી જ કહેતા હતા કે ભાજપની વિધાનસભા બેઠકો મોદીના નેતૃત્વમાં લડાયેલી ૨૦૦૨, ૨૦૦૭ અને ૨૦૧૨ની ચૂંટણીમાં પણ ઘટી હતી એટલે આ વખતે વધે ભલે નહીં, પણ સત્તા તો ભાજપને ફાળે જશે. ભાજપની એ અનિવાર્યતા છે. ભાજપ ગુજરાત ગુમાવે તો દેશની ગાદી એના હાથમાંથી સરકી જઈ શકે. પ્રારંભમાં તો કોંગ્રેસનું બધું સમુસૂતરું ચાલતું હતું અને એની નેતાગીરી છાતી ઠોકીને કહી રહી હતી કે ગાંધીનગરમાં ડિસેમ્બર ૨૦૧૭માં એમની સરકાર રચાશે. જોકે, ટિકિટોની વહેંચણી તથા આંદોલનત્રિપુટી સાથેની ભાગીદારીને કારણે ટિકિટોની ફાળવણી કરવા જતાં જે અસંતોષ ભડક્યો એના પછી બંબાવાળા આગને કેટલી ઠારીને મામલો ઠેકાણે પાડી શકશે એ પ્રશ્ન છે. જોકે, કોંગ્રેસી નેતાઓ પોતાની ધીરગંભીર પ્રચાર પદ્ધતિ નહીં છોડે અને ભાજપનો મુકાબલો કરશે એવું શ્રદ્ધા સાથે કહે છે ત્યારે એ મજબૂત વિપક્ષ બનીને ઉપસવાની આશા જરૂર જાગે છે.

ભાજપના બે સાંસદો લીલાધર વાઘેલા અને પ્રભાતસિંહ ચૌહાણ પોતાના પરિવારજન માટે ટિકિટના આગ્રહ સાથે અસંતુષ્ટ થઈને રાજીનામું આપવાની ધમકી આપતા હતા, પણ મોવડીમંડળે લાલ આંખ બતાવીને એમને ટાઢા પાડી દીધા છે. ભાજપના બીજા નેતાઓના અસંતોષની આગને પણ ઉમેદવારી પાછી ખેંચી લેવાની મુદત સુધીમાં શાંત પડાવાની શક્યતા નકારી શકાતી નથી. વિકાસવાદ વિરુદ્ધ વંશવાદની ભાજપી ફોર્મ્યુલા આ વખતની ચૂંટણીમાં પોતાનાં વરવાં સ્વરૂપ દર્શાવતી રહી છે. વાઘેલાને પોતાના પુત્ર દિલીપ લીલાધર વાઘેલા માટે ટિકિટ જોઈતી હતી. ૭૨ના પ્રભાતસિંહને પોતાનાં ૩૫ વર્ષીય પત્ની રંગેશ્વરીદેવી માટે ટિકિટ ખપતી હતી. ભાજપ થકી પ્રભાતસિંહના અગાઉ ભાજપી ઉમેદવાર રહી ચૂકેલા "બૂટલેગર" પુત્ર પ્રવીણ ચૌહાણનાં ૫૦ વર્ષીય પત્ની સુમનબહેન ચૌહાણને ટિકિટ અપાઈ છે. જોકે, સાંસદ-પિતાએ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહને લખેલા પત્રમાં પોતાના પુત્ર પ્રવીણ બૂટલેગર હોવાનું અને એની પત્ની પણ જેલ ભોગવી ચુક્યાનું લખ્યું છે. સામે પક્ષે પુત્ર પ્રવીણ સાંસદ પ્રભાત સિંહને પિતા માનતો જ નહીં હોવાનું જણાવે છે. હકીકતમાં પ્રભાતસિંહના ૩૫ વર્ષીય પત્ની રંગેશ્વરી ઘોઘંબા તાલુકા પંચાયતનાં પ્રમુખ છે. એ પણ પુત્રવધૂના પ્રચારમાં જોડાઈ ગયાં છે. કેશુભાઈ સરકારમાં મંત્રી રહેલા બિમલ શાહ સહિતના ભાજપી નેતાઓએ પક્ષ સામે બળવાખોરી કરીને ઉમેદવારી નોંધાવી છે. આવાં વરવાં દશ્યો ઠેર ઠેર જોવા મળે છે. હવે તો મામાનું ઘર કેટલે દીવો બળે એટલે જ છે.